## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




જોયું, નામ તેવા ગુણ છે ને ?? આપણને કેવો આનંદ કરાવ્યો.....!!!

# તમારી અંદર રહેલા બાળકને ખીલવશો તો જરૂરથી આગળ વધશો

## બી.સી.એ. કોલેજમાં સ્ટુડન્ટ પ્રોગ્રેશન અંતર્ગત મોટિવેશન ટોક યોજાઈ

ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ-બીસીએના વિદ્યાર્થીઓને તેમની અંદર રહેલા બાળકને જગાડવાની અને તેમની અંદર રહેલી જિજ્ઞાશા વૃત્તિને જગાડવા માટે અવેક-કીડ -પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું.

પોતાનું વકતવ્ય આપતા મોટીવેશન સ્પીકર અને ગુજરાત રંગમંચ તેમજ હાયર એજ્યુકેશનમાં અવિરત સેવા આપતા કમલ જોશીએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે આજના વિદ્યાર્થીઓએ પોતાનામાં રહેલી શુષુપ્ત શક્તિઓને ખીલવવા માટે તેમની અંદર રહેલા બાળક જેવી જીજ્ઞશા વૃત્તિ અને હિમ્મત કેળવવાની જરૂર છે કારણ કે બાળક એ નિર્દોષ હોય છે. એ કોઈપણ કાર્ય-પરિણામનો વિચાર કર્યા સિવાય કરે છે કારણ કે તે સમાજના લોકોની કે કોઈ પણ પ્રકારના દબાણ કે ભવિષ્યની ચિંતા કર્યા વગર જ કાર્ય કરતો હોય છે. જેના કારણે જ તે દરેક કાર્ય સફળતાથી પુર્ણ કરી શકે



છે. એક સાત વર્ષના બાળકમાં ૯૦ ટકાથી વધુ ક્રિએટીવીટી હોય છે અને જેમ જેમ તે મોટો થાય છે તેમ તેમ તેનામાંની ક્રિએટીવીટી ઘટતી જાય છે.

કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ દ્વારા પુછાયેલા જીવનના સફળતા લક્ષી પ્રશ્નોના તેઓએ સંતોષકારક જવાબો આપ્યા હતા. બી.સી.એ.ના ૯૫૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ આ અભીપ્રેરણાત્મક વાર્તાલાપનો લાભ લીધો હતો. કોલેજ દ્વારા સમયાંતરે ચાલતા વર્કશોપ અને સેમિનારના આ દ્વિતીય સેમિનારનું આયોજન કોલેજના ડાયરેક્ટર ડૉ. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ પ્રો. જૈમિની કુલકર્ણી અને ડૉ. અભિજીતસિંહ જાડેજા દ્વારા સફળતાપુર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. જૈમિની કુલકર્ણીએ તેમની આગવી શૈલીમાં કર્યુ હતુ. આ કાર્યક્રમના સફળ આયોજનમાં કોલેજના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફ મિત્રોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

## ખૂણે ખાંચરેથી...

- જિલ્લા વિકાસ અધિકારી દેસાઈની દિકરીને ડેન્ગ્યુ પોઝીટીવ આવતાં તેઓ રજા પર ઉતરી ગયા છે.
- જિલ્લા પંચાયતના વર્ગ-૪ના કર્મચારી અશ્વિન એફ. પરમાર કારકુન સંવર્ગમાં બઢતી માટે પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે.
- ગાંધીનગર શહેરના જન્મ દિવસની ઉજવણી માટે યોજાયેલ વિદ્યાર્થીનીઓની રેલીએ આજે ભારે આકર્ષણ જમાવ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં આજે અફવા બજાર સૌથી વધુ ગરમ રહ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં નવી એજન્સીએ સફાઈની કામગીરી સંભાળી લીધી છે.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં આજે ઈ.સેવા સોસાયટીની બેઠક મળી હતી.
- આજે સહયોગ સંકુલમાં સવારે ૧૧ વાગે અને સાંજે ૫ વાગે વીજળી વેરણ થઈ હતી. સવારે બે કલાક બાદ વીજ પુરવઠો ચાલુ થયો હતો તો સાંજે ૪૫ મિનિટ બાદ પુરવઠો ચાલુ થયો હતો. આજે સહયોગ સંકુલમાં લાઈટો જતાં મુલાકાતીઓ અને કર્મચારીઓ પણ હેરાન થઈ ગયા હતા.
- જિલ્લા પંચાયતના બન્ને જૂથો વચ્ચે સમાધાનની ફોર્મ્યુલા તૈયાર થઈ ગઈ હોવાની વાતોએ ચર્ચા જગાવી છે.

### મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા ખાતે

# મોબાઈલ મુક્ત દિવસની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨

તા. ૨-૮-૨૦૧૬ના રોજ મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા 'મોબાઈલ મુક્ત દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓએ ૨૪ કલાક મોબાઈથી દૂર રહી દિવસ પસાર કરવાનું નક્કી કર્યુ હતું.

આ કાર્યક્રમમાં મોબાઈલથી થતાં નુકસાન અને ગેરફાયદાઓ અંગે ડોક્યુમેન્ટરી ફિલ્મો બતાવી જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આજથી વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછો સમય મોબાઈલ સાથે પસાર કરવાનું પણ નક્કી કર્યું હતું. આ અભિયાનને હવે તેઓએ સમાજમાં પણ લઈ જઈ મોબાઈથી થતા નુકસાન અંગે સમાજમાં જાગૃતિ ફેલાવવાનું નક્કી કર્યું છે.

આ કાર્યક્રમમાં મહા વિદ્યાલયના તમામ અધ્યાપકો જોડાયા હતા. કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડૉ. કનુ વસાવા અને સ્વયંસેવક વિદ્યાર્થીઓએ સાથે મળીને કર્યું હતું.

### નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે

# નેશનલ સાયન્સ સેમિનાર અંતર્ગત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૧૬ અંતર્ગત જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં 'ટકાઉ ખાદ્ય સુરક્ષા માટે કઠોળ : સંભાવના અને પડકારો' વિષયે વિદ્યાર્થીઓએ તેમના પ્રેઝન્ટેશન પ્રસ્તુત કર્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે મદદનીશ વન સંરક્ષક હેમંતભાઈ સુથાર, જીપીસીબીના પૂર્વ પીઆરઓ નરેશભાઈ ઠાકર, ભૌતિક વિજ્ઞાન સંશોધક વસંતભાઈ પટેલ અને નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ સ્પર્ધામાં જિલ્લાની વિવિધ



માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ૯૧ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. તેમણે ચાર્ટસ, સ્લાઈડ્સ તેમજ પીપીટી પ્રેઝન્ટેશન દ્વારા પોતાની પ્રસ્તુતિ કરી હતી. જેમાં કઠોળની વિવિધ જાતો, કઠોળમાંથી મળતા પ્રોટીન, વિટામીન જેવા તત્વો અને લુપ્ત થતી જતી કઠોળની કેટલીક જાતોના ઓછા ઉત્પાદન અંગે સંશોધન રજૂ કર્યા હતા. સ્પર્ધામાં પ્રથમ ક્રમ માટે 'ટાઈ' પડી હતી. પ્રથમ ક્રમે બંને વિજેતાઓ સે. ૭ની ચૌધરી કન્યા વિદ્યાલયની રાજર્ષી પનારા અને માણસા તાલુકાના આજોલની સંસ્કાર તિર્થ વિદ્યાલયની જાગૃતિ પટણી રાજ્યકક્ષાએ ભાગ લેશે. વિદ્યાર્થીઓને પ્રમાણપત્રોથી નવાજવામાં આવ્યા હતા. સ્પર્ધાના સફળ આયોજન માટે સાયન્સ સેન્ટરના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણા તથા શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

# વડાપ્રધાન અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બંનેએ મહિલા મુખ્યમંત્રીનું રાજકીય એન્કાઉન્ટર કરી નાંખ્યુ છે : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ પત્રકાર અને મીડીયાના મિત્રો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, છતાં એન્કાઉન્ટર સ્પેશયાલીસ્ટ એવા તત્કાલીન મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાન અને બીજા સ્પેશ્યાલીસ્ટ ભાજપના જે-તે વખતના ગૃહમંત્રી અને આજના ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બંનેએ સાથે મળીને મહિલા મુખ્યમંત્રીનું 'રાજકીય એન્કાઉન્ટર' કરી નાંખ્યું છે. જૂની ટેવો ન ભુલી શકાય તે સમજી શકાય તેમ છે, પરંતુ મહિલાને મુખ્યમંત્રી બનાવતી વખતે મહિલાઓને પ્રાધાન્ય આપવાની વાતો કરેલી અને તે વખતે જ જે વિશેષણોનો ઉપયોગ કરેલો કે, 'સ્ત્રી દાક્ષિણ્ય', 'સ્ત્રીસશક્તિકરણ' વિગેરે નેવે મુકીને કસમયે આનંદીબેન પટેલ કે જે રાજ્યના 'પ્રથમ મહિલા મુખ્યમંત્રી છે' ત્યારે તેમનું રાજીનામુ માંગી લીધુ છે, રાજીનામાનો આદેશ આપવામાં આવ્યો છે એમ કહી શકાય. આમ તો આ ભારતીય જનતા પાર્ટીની આંતરિક બાબત છે. ગુજરાત રાજયના મહિલા મુખ્યમંત્રીને ભારતીય જનતા પાર્ટીની આંતરિક જૂથબંધીને લીધે બદનામ કરીને કાઢવામાં આવ્યા છે. દરેક પક્ષમાં જૂથબંધી હોઈ શકે પણ ભારતીય જનતા પાર્ટીની જૂથબંધી તો ચરમસીમા અને પરાકાષ્ઠાએ પહોંચી ગઈ છે, અને જેણે મહિલા મુખ્યમંત્રીને રાજીનામુ આપવાની ફરજ પાડી છે. કમ-સેકમ બહેનો માટેનો પવિત્ર તહેવાર 'રક્ષાબંધન(બળેવ) આવી રહ્યો છે, ત્યાં સુધી તેમને રહેવા દીધા હોત તો મુખ્યમંત્રી બહેનના હાથે ઘણાં બધા ભાઈઓ રાખડી બંધાવીને રક્ષાકવચ તેઓ પાસેથી મેળવી શક્યા હોત. આમ ભારતીય જનતા પાર્ટીની વિકાસની પોલ ખુલી ગઈ છે.

# ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટની સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં ૨૦૧૬-૧૭ના વર્ષ માટે નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના પ્રમુખ તરીકે પી.જે. રાઠોડ, મહામંત્રી તરીકે કનુભાઈ મહેરિયા, ખજાનચી તરીકે સુનિલ રાઠોડ, ઉપપ્રમુખ તરીકે કાલિદાસ પરમાર, કિરીટભાઈ પરમાર, ખોડાભાઈ અને કરશનભાઈ પરમારની વરણી કરાઈ હતી. આ ઉપરાંત કાર્યાલય મંત્રી પદે એન.એમ. મોઢવાડિયા, મંત્રી પદે આત્મારામ પરમાર, વસંતભાઈ મહેરીયા અને મોતીભાઈ રૂપાલા, સંગઠન મંત્રી પદે ઉદયસિંહ ધારવા, સાંસ્કૃતિક અધ્યક્ષ પદે દેવજીભાઈ પરમાર, આંતરિક ઓડીટર પદે હિંમતલાલ મહેરીયા તથા કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

# બેના રે... રાજીનામું દેતાં જોજો પાંપણ ના ભીંજાય... ખુરશી તો પારકી થાપણ કે'વાય...

## આનંદીબેન પટેલના રાજીનામાને પગલે સોશીયલ મિડીયા પર જાતજાતની કોમેન્ટ્સ અને મેસેજીસની ભરમાર... કટાક્ષમય મેસેજીસની સૌએ મજા માણી

ગાંધીનગર, તા. ૨

આનંદીબેન પટેલે રાજીનામુ આપતા આજે આખો દિવસ સોશીયલ મિડીયા પર જાતભાતની કોમેન્ટસનો મારો રહ્યો હતો. ફેસબુક, ટ્વીટર અને વોટસએપ પર બેને કેમ રાજીનામુ આપ્યુ તેની કટાક્ષમય કોમેન્ટસથી લઈને હવે પછી નવા સી.એમ. કોણ બનશે તેની અટકળો લગાવતા મેસેજીસ વાંચવામાં અને તેને ફોરવર્ડ કરવામાં સોશીયલ મિડીયાનો વ્યસ્ત ઉપયોગ કરતા યુઝર્સ વ્યસ્ત રહ્યા છે. વાંચકો માટે અહીં કેટલાક આવા મેસેજીસ...

- ગુજરાતના નવા સીએમ પદ માટે એડમીનના નામની અટકળો તેજ, એડમીને કહ્યુ અફવાઓ પર ધ્યાન ન આપો પણ દેશ સેવા માટે હંમેશા તૈયાર છુ.
- હવે કોણ ? આનંદીબેન પછી કોણ ? મે તો ના પાડી છે કે મને નહી ફાવે આ બધી લમણાજીક... આપણે ભલાને આપણું વોટ્સઅપ
- લેટેસ્ટ વેકેન્સી ફોર ધ વોસ્ટ ઓફ સીએમ એપ્લાય ઓન OJAS.GUS.nic.in
- ગ્રુપમાંથી કોઈ ગુજરાતના મુખ્યમંત્રી બનવા માટે તૈયાર હોય તો તાત્કાલીક બાયોડેટા સાથે એડમીનને મળે.
- આનંદીબેને ઉંમરનું બહાનુ કાઢ્યું છે બાકી રાજીનામા પાછળનું સાચુ કારણ પોકોમેન પકડવા માટેનો સમય ન હતો મળતો એ છે.
- પાટીદારનો પતંગ અને દલિતની દોરી ગુજરાતમાં કપાઈ ગઈ એક ઉમંરલાયક છોરી...
- જા સીમરન જા જીલે અપની જિંદગી...
જા બહેન જી જીલે અપની જિંદગી...
- નવા સીએમ કોણ બનશે એ જાણવાનો સૌથી સહેલો રસ્તો Jadeblu ની બહાર IBવોચ ગોઠવો અને જુઓ..... કોણ-કોણ નવા ઝભ્ભાના ઓર્ડર આપવા આવે છે.
- 'ઉના' હૃદયે આનંદીબેનના નિર્ણયનું 'હાર્દિક' સ્વાગત છે.....
બા રીટાયર થાય છે.
- મારા તમામ મિત્રોને ખાસ કડક સુચના સીએમ તરીકે મારૂ નામ ક્યાંય ભલામણ ના કરતા હો... નહીંતર આપણી દોસ્તી તુટી જશે. આ વાતને હળવાશમાં ના લેતા ગંભીરતાથી લેવી.
- બેના રે..
રાજીનામુ દેતા જોજે પાંપણ ના ભીંજાય
આ... ખુરશી તો પારકી થાપણ કેવાય..!
- સીએમ એ કર્મચારીઓને ૭મા પગાર પંચનું સુવર્ણપ્રાશન કરાવ્યું... પુષ્યનક્ષત્ર છે ને એટલે...

# ગાંધીનગરના બાવનમા જન્મદિવસ નિમિત્તે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાઈ



ગાંધીનગર, તા.૨

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ગાંધીનગર આયોજિત અને મહાનગર પાલિકાના સહયોગથી ગાંધીનગરના ૫૨માં જન્મદિવસ નિમિત્તે સેકટર-૨૨, પંચદેવ મંદિરથી સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાના વડીલો દ્વારા સફાઈ અભિયાનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સફાઈ અભિયાન કાર્યક્રમ અંતર્ગત સેકટરમાંથી ૨૭ કિલો પ્લાસ્ટીક અને અન્ય કચરો દૂર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સંગઠનના આગેવાનો દ્વારા મનપાના કુલ ૮ કર્મઠ સફાઈ કામદારોનું ફુલહાર, શિલ્ડ અને રોકડ પુરસ્કારથી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરસેવક હર્ષાબા ધાંધલ, ડેપ્યુટી કમિશનર બારૈયા તેમજ કુંવરજીભાઈ પટેલે સફાઈ અભિયાન માટે નાગરિકોને પ્રોત્સાહન પુરું પાડયું હતું તેમ ટ્રસ્ટના ભૂપેન્દ્ર ગજ્જરે જણાવ્યું છે.

# દલિત સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ આજે દલિતો સાથે મુલાકાત કરશે

ગાંધીનગર, તા. ૨

ઉના તેમજ થાનગઢમાં અત્યાચારનો ભોગ બનેલા દલિતો મામલે દલિત સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ આજે ગાંધીનગર સેક્ટર-૬ સ્થિત સત્યાગ્રહ છાવણીમાં દવલિત ભાઈ-બહેનોની મુલાકાત લેશે. બપોરે ૧.૩૦ કલાકે સારવાર હેઠળ દાખલ દલિતોની મુલાકાત બાદ બપોરે ૨.૦૦ કલાકે ડૉ. આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કરી દલિતોની મુલાકાત લેશે.

આ તબક્કે ગાંધીનગર જિલ્લા શહેરના પદાધિકારીઓને હાજર રહેવા દલિત સેનાના પ્રમુખ બાબુભાઈ મેસરવાલાએ જણાવ્યું છે.

## ટુંકી જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૫-૨૦૧૬

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૦, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, પ્રથમ માળ, ગાંધીનગર (ટેલીફોન નં. ૨૩૨૫૯૧૬૮)ની કચેરીએથી અંદાજીત કિંમત રૂ. ૨.૪૮ લાખ સુધીની રકમના કુલ-૧ (એક) કામ માટે સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૬/૮/૨૦૧૬ રહેશે. અને ભરેલા ટેન્ડર રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૧૧/૮/૨૦૧૬ છે. શક્ય હશે તો ભરાઈને મેળવેલ ટેન્ડર તા. ૧૨/૮/૨૦૧૬ના રોજ ૪.૦૦ કલાકે ઈજારદારશ્રીની હાજરીમાં ખોલવામાં આવશે.

આ કામની વિગતવાર નિવિદા તથા ટેન્ડર માંગવાની અરજી સાથે જોડવાના દસ્તાવેજોની યાદી આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર જણાયે કચેરીના કામકાજના દિવસો દરમિયાન રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

માહિતી/૧૧૪૬/૨૦૧૬-૧૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in